શ્રી

સ્તુતિ સાગર.

ભાગ ૧ લો.

બનાવનાર.

ચ. હીરાલાલ જભાઈરામ.

તથા

કુબેરલાલ લાલજીભાઈ.

છપાવનાર.

પુરૂષોત્તમ મોહનલાલ ઠાકર.

પ્રત ૧૦૦૦.

અમદાવાદ.

ઘીકાંટે—ધી "ગુજરાત" પ્રિન્ટીંગ પ્રેસ.

સંવત ૧૯૫૪. સને ૧૮૯૮.

કીંમત રૂ. ૦—૨—૦.

મે. સાહેબોને ભેટ

નામ.

ઠેકાણું.

વિસેસ વિનંતી સાથે કે આમેં મારી અલ્પ બુધિથી ચોપાડી બનાવી છે તે હું આપને અર્પણ કરંછું તે કૃપા કરી સ્વીકાર સો અને તેના અંદર ભુલ ચુક હોય તેની માટે દાસ માફી માગેછે.

લી. સેવક.

હી. જી. મુ. અમદાવાદ.

સુચના.

મહેરબાન રા. રા. શ્રી કડી ઇશ્વર સ્તુતિ સાગર કંપનીના મેંબર ભટ રણછોડલાલ મોતીરામ તથા રા. રા. રાવલ અંબાલાલ છબારામ તથા રા. રા. રાવલ અંબાલાલ મગનલાલ તથા ત્રીવેદી સીવસંકર વૈજનાથ તથા બીજા દરેક મેંબરો વીગેરે વીસેસ અમો આપને સુચના આપીએ છીએ કે આ મારી અલ્પ બુદ્ધિથી ધી કડી ઇ. સ્તુતિ સા. કંપનીના માણુસોને ખાસ ગાયન કરવા માટે (સ્તુતિ સાગર ભાગ ૧) પેહેલાના નામનુ પુસ્તક રચી પ્રસિધ કર્યું છે. તેમાં જે કાંઇ ભુલ ચુક હોય તે માફ કરી આ પુસ્તક સ્વીકારસોજી વળી સ્તુતિ સાગર ભાગ ૨ બીજો તૈયાર છે થોડા દીવસમાં બહાર પડસે એજ વીનંતી

લી. સેવક હું છું કર્તા.

(કડી ઇશ્વર સ્તુતિ સાગર કંપનીને માટે ખાસ)

સ્તુતિ સાગર.

(શારદુલ વીક્રીડીત છંદ)

શ્રી પીપળેશ્વર આપને નમુ અતિ
આપો સદા સન્મતિ
કાપો પાપ અમાપ તાપ ત્રીવીધે
સેવા કરી એ સૌમળી
હે શંભુનાથ આજે વીનવું
હેતે ધરી ભાવથી
જેથી આનંદ થાય, આજે સૌને
દયા કરોને ઘણી
આજે સ્તુતિઓ હું આપની વીનવું
આ વીશ્વ ભુમી મહી
રીઝીને સુખ સાય થાઓ અમને
આનંદ દાતા સહી

(શું નટવર વસંત થૈથૈ નાચી રહ્યો]

કરીએ નમન શીર છત્ર જગદીસ તુજને
જગદીસ તુજને દ્વારીકાં ઇશને (કરીએ)

શાખી

દ્વારીકાં મેં વાસો વસ્યા, જ્યાં મુનીજી શ્યામ
આવ્યા ડાકોર ગામમાં, કીર્તી ઠામો ઠામ
બોડાણાને મન ભાવ્યા છો નાથજી
સતી રત્નમાંગુનિ નિમજપાંનુ નિમજપાનુ ભાવ્યા અમરપણે. કુશાંએ

સાખી

જશ લીધો વાંત કરી જાવો ગોકુળ વળ
પગલાં કરી પધરાવ્યા, ખુશાલી દાસની જ્વાળ
વાહ વાહ નાથનું તેજ, સુંદર ભીમાજીરે
રૂડા પહેર્યા અમુલ્ય શાગ, લાગ મોતી ઝાંઝરે

સાખી

નીરમળ નીર ગોમતી તણા, સ્નાન કરે સૌજન
નીરખે આપને હેતથી, તો થાય મતી પાવન
તેથી સૌકોને મન ભાવ્યા છો નાથજી
માણુ આનંદ ઘન ખુશી થકી, ખુશી થકી આનંદ પ્રેમે થકી. કુશાંએ

જશ જય સુરતી માંહી ભુપનો થજો.

શંભુ સુતને નમું હું આગળ કાર (૨)
સેવા કરીને ધ્યાન ધરૂ હું, ઊતારો ભવપાર
તાર તાર તાર તાર, દુખ દરીઆ મોઝાર શંભુ
ભય ભંજન દુખ દાસના નીહાર, અલ્પ મતીથી તુજ
ગતીથી કરૂ સ્તુતિ હું સાર
બા બ બ કતો વિનવે વારંવાર (૨) શંભુ સુત

પ્રીયા વાલી તુ મારી

નમી પ્રીતે આરાધો નમી પ્રીતે આરધો ઓભાઈ મારા
વિશ્નુ વિસરામી વંદીએ નામીરે (૨)
કાપે ગુણ નકારા (૨) ઓભાઈ મારા નમી
સકળ સંસારમાં સદ્યનામ એનુરે
માટે સેવો તમે પ્યારા (૨) ઓ ભાઈ મારા નમી પ્રીતે
બાળ ભકતો કરજોડી કહેછે રે
મળે સર્વ મોક્ષ દારા (૨) ઓ ભાઈ મારા નમી પ્રીતે

સોન સમો વડ નથી તુજ જગમાં

બન્નુ પ્રેમથી ભોળા તુજને નીત મનમાં ધારી
જટામાં બીરાજે ગંગા ઉમાજી બેઠાં છે સંગા
છે નંદી ઉપર સ્વારી બન્નુ
લલાટે ત્રીજુ છે લોચન વામે વસે ગૌરી નંદન
વધાર્યો મહીમા તેનો ભારી બન્નુ
વદને વસી રૂંઢમાળા કંઠ નાંખ્યા સર્પ કાળા
એવા સ્વયંભુ ત્રીપુરારી બન્નુ

યૌવન ખીલ્યું આવ્યા છે રસપાન કરો.

થાય પુન્ય ઉદય ભોળાનાથ ભજે,
ભોળા નાથ ભજે, અભિમાન તજે (૨) જય જય જય થાય
ભાળી ભોને આજે સૌ સાથ મળી હેતે નમો સંભુને આજે હેત કરી
પરમ સાજ સજી, પાપી પાપ તજી (૨) જય જયજય જય થાય
આપ બરાજે છો કાસી પુર મહી, ત્યાંથી આવી વસ્યા કડી શહેર મહી
એક કરી નમું મારૂં એજ ગજુ (૨) હા હા હા હા થાય પુન્ય ઉદાય

વીચાર મારી વાલી

સંભુ તમારી આવાર
આવ્યા છીએ પાસે સંભુ તમારી આવાર
દીનપણાથી અમે કરીએ વીનતી ઉતારોને ભવપાર પ્રભુ ઉતારો ભવપાર
કૃપાની ધી તમે કૃપા કરીને ધરો દીન સેવકપર પ્યાર (૨) આવ્યા
કરજોડીને સૌકો વીનવે છે મોટા તમારો આધાર (૨) આવ્યા

નાથકેસે ગજકો બંધ છોડાયો

આરતી આપની કરીએ નીરંજન આરતી આપની કરીએ
સર્વ વ્યાપકમાં સંભુ તમે છો વર્ણન સુ તેનુ કરીએ
સુદ્ધ રદયથી જેરે આરાધીએ તો ભવ સાગર તરીએ નીરંજન
યોગ્ય અગન સમાધી ધરીને લક્ષ વીસે નવ ડરીએ
અકળીત કાયા પીતુ તમારી વાણીથી સુરે વીસ તરીએ. નીરંજન
રચના યથા યોગ્ય આરે જગતની મહીમાત મારો ઉર ધરીએ
દીન વચન પ્રભુ અલ્પ સ્વીકારો કાવ્ય કથન સું કરીએ નીરંજન
બે ઉકર જેડી બાળકો આજે આરતી આપની સૌએ
દીન સેવકોપર મહેર કરીને સંભુ ઉતારો ભપપાર નીરંજન

ડરમા તું દીલ સાથ છોકરા.

ભજોને ભેળા નાથ સ્નેહથી ભજોને ભોળા નાથ,
ભકતી આવશે સાથ. સ્નેહથી ભજો.
ગંગાના યારી ભસ્મા ધારી, હાથમાં ડમરૂ શોભા છે સારી,
વાઘમ્બર પીતાંબર ધારી, લલાટે લોચન જુઓ નિહારી,
સતિ અર્ધાંગના ઉમયા નારી, (એવા શંકરને ભાવથી ભજો,)

સૌ વંદોને જોડી હાથ. સ્નેહથી ભજો.
કઇલાસ વાસીની ઉપમા છે ભારી, હરનીશ શેવે ત્યાગી સંસારી,
તે તો ઉતારે ભવજળ તારી, (માટે ઉમયાના પતીને ઉરમાં રાખો,)
હેતે હળીમળી ગાઓ સાથ સ્નેહથી ભજો.

શહેર વિધાતા.

જયજગ ત્રાતા ઘો સુખ સાતા આણંદ ઉરમાં ઉપજે છે ભારી, જય.
માન રસીક પુજા નિત્ય આરધુ નિરમળ મન રૂપી ચઢાવું વારી. જય.
ધર્મરૂપી ધજાને હું તો પુજું ચંદન ચઢાવું હું ચોખવારી જય.
સત્ય સંગરૂપી સુગંધ આપુ તે તો માનીલ્યો ધુપની સળી. જય,
પુન્ય રૂપી હું પુષ્પ ચડાવું આકીન છે તે આરતી ઉતારૂ. જય.
મમતા મુકીને મંત્ર પુસપાનજળી હીકર જોડીલ્યો અર્જ સ્વીકારી. જય.

ગરબો.

ગાવો ગરબો આજે રસીક ભોળા નાથનોરે જેથી ઉરમાં વાધે ઉમંગ
અપાર, એવા શીવજીને ભજીએરે સૌજન સાથમાંરે.
નીરમળ નારથી નહીને નાથની પુજા જે કરેરે,
જેથી આપે તે તો સુખ શાન્તી નીરધાર. એવા.
સાખી. કાસીપુર વાસોવસી હરી આ હામોહા મ

ભાવ સહીત તુજને ભજે તેને દયો સુખદાન.
રાય રાવણને લંકા આપી તમેરે આપ્યા બાણાસુરને હસ્ત હજાર. એવા.
સાખી, ભાવ થકી ભકતી કરો, સૌંકા નરનેનાર;
સુખ શાન્તી પામો સદા, વરતે જય જયકાર,
અતી ઉમગે ગાજોરે સૌજન સીવનેરે જેથી સુખી સુખી આ થનાર. એવા.

સાખી. પુન્ય ઉદયથી પામસો, મોક્ષ તમે એ યાર;
જુઠી માયા જગમહીં તેમાં નહીં કંઈ સાર.
તેથી ચેતી લ્યો ચતુર ચીત પ્રાણીઆરે, જેથી નવરંગ અંગ મળનાર. એવા.
કંચન કાયા કામની, કંઈ નહિ આવે કામ;
મુકી મનડા ચાલવું હરી ન રહેવું ઠામ.
ત્યારે મારૂં તારૂં કરીને શું સ્થાપવું રે, સાચે સાચું નામ શીવજી કેરૂં સાથ.
એવા.

કલ્યાણ.

શ્રી પીપળેશ્વર, વીનતી છે જરા; તંબોળી વાડાની મધ્યે સોભતા ખરા.
જંબુ દ્વીપના ભરતક્ષેત્રમાં, કડી શહેર મુકામ;
આપે આવી વાસ ત્યાં કીધો, કરવા દાસનાં કામ. શ્રી પીપળેશ્વર.

કાપો કુમતી બજરંગ તમે. [૨]

અંજનીરંજન વાયુપુત્ર તમ સરણે રાખો દાસ.
પુરી આશ, રાખો પાસ, આવ્યા સરણે અમે. કાપો.
દ્રોણ ચલ અડી હાથ, પનોતી લીધીછે સાથ, મકરધ્વજ નાખ્યો તાત.
ભાંડી અસુરોના બાથ, ગદા મારી લંકાનાથ, તમ સેવકપર મહેર કરીને
સંકટ સઘળાં કાપો જાણી દાસ, રાખો પાસ, આવ્યા શરણે અમે. કાપો.

મેલી મિથ્યા અભિમાન.

સેવો અંબે માત સજ્જન સહુ સેવો અંબે માત જે છે જગત વીષે
વિખ્યાત. સજ્જન.
અંબે બિરાજ્યાં આરાસુરમાં કરવા સુભની સાન. સજ્જન.
માજીની કીર્તી વાધી છે આજી ત્રણ ભુવન મોઝાર. સજ્જન.

દુઃખજ કાપો સુખજ આપો શાન્તી કરે તિપુરાર. સજન.
ગબ્બર ગોખે વાસો વસીઆં સુભ કીધું મુળ સ્થાન. સજન.
માજીને પારે જે કોઇ આવે તેની પુરે અંબા આશ. સજન.
દાસ હીરાને સહાય થજ્યે મા અલ્પ બુદ્ધિનો હું છું બાળ. સજન.

ગરબો

આજે રસીક રસીક ગુણ ગાઈ ખુસી થવું આપણેરે
ગાવો ગરબો માત અંબીકાનો આજ હેતે ગરબો રે ગાજોરે સાજન સાથ માંરે
માજી કુંમારી કાકીનારે આવીને વસ્યાંરે રૂડ કીધું મોટું આરાસુરનું ધામ હેતે ગરબો

સાખી માન સરોવર માતનું સોહે સુંદર ત્યાંય
દરસન કાજે સહુ ત્યાં આવે નરને નાર
માન સરોવર નહિને માજીની પુજા જે કરેરે તેની પુરે અંબે આરાસુરી આસ હેતે ગરબો

સાખી કંકણ માજીએ કર ધર્યા ઝાંઝર છે પગમાંય
સઘળાં સણગારો સજી બેઠાં માજી આપ
હાર પુષ્પના માજીએ કોટે ધર્યારે ગાવો ગરબો માત અંબીકાનો આજ હેતે ગરબો

સાખી નૌતમ સોભા ખુબ બની આરા સુરની માંય
મધુર કંઠથી સહુ ત્યાં હાં પ્રેમે ગરબો ગાય
બોલો જય જય કાર અંબીકાજીમાતનોરે ગાવો ગરબો માત અંબીકાનો આજ હેતે ગરબો

ખુસીમાં રહીને સદા મોજ કરો મોજ કરો

નસીબ ખીલ્યુ મળ્યાં છે માજી પ્રાત ભજુ
પાપી પાપ તજુ ધરમ સાજ સજુ ૨ જય જય જય જય નશીબ
માજી બિરાજો આપ ગબ્બર પાહાડ મહી સૌ સાથે મળી આવેજ તહી
માજી પાય પડુ મારૂએ જગજુ ૨ જય જય જય જય   નસીબ

ડરગા તુ દીલ સાથ

સેવો અંબે માત સ્નેહથી સેવો અંબે માત જેની કીર્ત્તી જગ વિ-
ખ્યાત   સ્નેહથી
ત્રીશુળ ધારી રૂપે રૂપાળી હાથે છે કંકણુ નાકે છે વાળી પગમાં ઝાં-
ઝર ઝમકે રસાળી
નાચોને થેઈ થેઈ દઈ સહુ તાળી જેથી રીઝે મા અંબે બાઈ (એ
ટલે સૌને આણંદ થાય
જેથી વરતે જય જયકાર   સ્નેહથી
જુઠી આ માયા જુઠી આ કાયા ખોટા સંસારના ખેલ રમાયા
પાપના ફંદે સૌકો ફસાયા મુકો ધરમ રાજ પુન્ય સું લાવ્યા
જુઠા સંસારમાં ક્યા તુ કમાયા (ત્યારે તમે સું જવાબ દેસો)
જેથી ઝાલી માતનો હાથ બોલો સૌ જય જય અંબે માત   સેવો

નમુ અંબીકે આજ તુને અકળ સકળ આ રમત તમારી કોઈ ભેદ નજાણે
જાણી દાસ રાખો પાસ આવ્યા સરણે અમે બાલ છીએ નીરધાર
કરો સુખ અપરંપાર દુઃખ માજી હરનાર તમકૃતીનો નહી પાર વર્ણવી
એ સું વારંવાર અંમાયા તુ મહેર કરીને પુરજે મનની આસ જાણી
દાસ રાખો પાસ આવ્યા સરણે અમે   નમુ

કામ છે દુષ્ટ વિકારી

મુખડાંની માયા લાગી અંબે તારાં મુખડાની માયા લાગી
માયામાં હુંતો ફસાઇ ગએલો ઉઠયો છું અંબે આશધી અંબે તારા
ક્લેશી હુંતો છું દ્વેષી હુંતો છું કુકર્મી હુંતો અભાગી અંબે તારા
તરણ તારણ દુઃખની વારણ મુકતી લઉં મન માગી
મન હરમાજી મહેર કરોજી હીરા લાલ રહ્યો પાય લાગી અંબે તારા

ખીલી નટવર વસંત થેઇ થેઇ નાચી રહ્યો.

ઝાલી માત હાથ આજ મને તારજો તમે તારજો તમે પા ઉતારજો
તમે. ઝાલી.

સાખી. દરસન કાજે સહુ સાહ, આવે નરને નાર;
સ્નેહ થકી નિરખી આપને જોડી બંને હાથ.

આણંદ વાધ્યો છે સૌના મનમાં ઓ માતજી,
રંગે રમુ આજ ભકતી થકી, ભકતી થકી આજ પ્રેમે થકી. ઝાલી.

સાખી. ગબર ગોખે આપ વસ્યાં, આવી અંબે માત;
હીરાલાલ નીહાળે ભાવથી, જોડી બંને હાથ.

વાહ, વાહ માજીનુ તેજ ઝાઝર ઝળકે છે સૌ આણંદ પામે સેજ ચાતક
ચમકે છે

સાખી. સઘળા સણગારો સજી ત્રીશુળ કરમાં સાર;
ભકતો નીહાળે ભાવથી આણંદ અપરંપાર.

સુખે સૌકો રમે સુભાવથી વધાવવા માગે આણંદ ધન બુદ્ધિ થકી,
બુદ્ધિ પકી આજ વૃદ્ધી થકી. ઝાલી માત હાથ આજ મને તારજો તમે.

થયા છોરે પતિ તેજ પ્યારી.

વરથાં છોરે મન માંહે રંગે ચંગે જાણુ આજ.
ગબ્બર ગોખે વાસો માનો હે પડછા તતકાળ,
સહુ નરને, નરવરને, જય કરને, દુઃખ હરને,
અકળીત કાયા માયાની રાખે સહુની લાજ. વરથાં છોરે.
અંબે માતને બહુ ભામા ને હોસ રાય કે રંગ,
હીર નામી, દુઃખવામી, સુખ પામી, જય કામી,
કરીની વાસી કુબેર ગાએ ગુણ સદાય. વરથાં છોરે.

અંબે માત વધાવું રે.

સુંદર ચંદન અક્ષત સાથે, સેવા સુખની ખાણ,
આપો આત્મા જ્ઞાન, કાપો તાપો માતાજી સુજાણ,
હીરનાથુરે ખુશી થાઉં રે. સુંદર.

શ્રી ઓગડનાથ મહાદેવનો નવીન ગરબો.

છો તમે કૃપા આધાર ઓગડનાથ છો તમે કૃપા આધાર.
દાસનાં સંકટ દુર કરીને છો તમે સુખ આપનાર. ઓગડનાથ.
ઓગડનાથ નામ જપતાં રહીં સહુ સુખકાર. ઓગડનાથ.
અવીચળ નામ નાથનું એવું સુખ શાન્તી કરનાર. ઓગડનાથ.
એવા ઓગડનાથને વંદીએ બહુએ ત્રણુ કાળ. ઓગડનાથ.
આમ જોડીને કુશળ રાખજો અલ્પ બુદ્ધિના છીએ બાળ. ઓગડનાથ.
નાથ આપના ગુણ શું ગાઇએ ગાતાં ન આવે પાર. ઓગડનાથ.

ક્યાં જાય તજી પ્યાર.

કરૂં નમન ભોળા ત્રીપુરારી, છો દાસના તમે આધાર;

તમ ગુણનો પામુ ન પાર, સ્વીકારો અરજ મારી. ત્રીપુરારી. કરૂં.
આપ્યાં રાવણને દસ સીશ, કર્યો કરણ ધનુષા ધીસ;
જેણે જપતપ કીધાં ભારી. ત્રીપુરારી. કરૂં.
કહે કરજોડી તમ દાસ, તમે રાખોને સદા પાસ;
હ્યો દુઃખ દુનિઆં તારી. ત્રીપુરારી. કરૂં.

આઢ દેશી.

સીવ ધર્મી યારો મુખથી ઉચ્ચારો, ઓગડ નામ આવાર;
ભજો સુન્ન યારો પંથ છે ન્યારો, મુખથી ઉચ્ચારો. ઓગડ નામ.
ઓગડનાથ અપભ્રંશ શબ્દ, ઓમગટ નામ સાર;
ઓગડ ઓમઘટ મુખથી સીઉચ્ચરે, તો તો ઉતારે પારરે;
માટે હીંમત ધારો, રે મુજ યારો, મુખથી ઉચ્ચારો. ઓગડ,
રવીવારે રાજેશ્રી ભાઈઓ, રાખો નાથપર પ્રીત;
પુજન અરચન પ્રીતે કરો, દરશનમાં રાખી ચીતરે;
જેથી પાપ નિવારો, રે મુજ યારો, મુખથી ઉચ્ચારો. ઓગડ.
સોમવારે સુતા ઉઠો, શીવ ભકતો આવાર;
સ્નાન સંધ્ય પછી પુજન કરો, નાથપર રાખી પ્યારરે;
એથી ભકતી ધારો, રે મુજ યારો, મુખથી ઉચ્ચારો. ઓગડ.
મંગળવારે મહા સુખ માણો, રાખો મનમાં લહેર;
નિત્ય નેમ જો ન રહે તો, નાથ નામ ઉચ્ચારો ઘેરરે;
ઓગડનાથ યારો, સુખ આપનારો, મુખથી ઉચ્ચારો. ઓગડ.
બુધે બોધ મનમાં લહો, કેવાં નાથનાં કામ;
નાથ નંદી સહ બીરાજે, ઉભીઆ નહિ તે ઠામરે;
એવી કૃતિ ધારો, રે મુજ યારો, મુખથી ઉચ્ચારો. ઓગડ.

ગુરૂવારે ગુણ જગાવો, ઓગડ નાથના આંય;
ઓગડ ઓગડ ઓમગટ મુખથી ઉચ્ચારો, નીરમળ મનની માંયરે;
અંતે સહાય કરનારો, એજ છે યારો, મુખથી ઉચ્ચારો. ઓગડ.
શુક્રવારે શોભા સુંદીર, ઓગડ નાથ દેવળ;
આશપાસની રમણીક ઝાડી, દીસે કારી દેવળરે;
એવું દેવળ ધારો, માનવી યારો, મુખથી ઉચ્ચારો. ઓગડ.
શનીવારે સુખજ પામો નાથના, ગુણજ ગાવો;
સાતેવારમાં એક વખતે, દરશન કરવા જાવોરે,
એવી હીમત ધારો, મનથી યારો, મુખથી ઉચ્ચારો. ઓગડ.
સાતવાર નાથના ગાએ, રાખી મનમાં પ્રીત;
ઓગડનાથ સહાય કરે, સાચવી દાસનું હીતરે;
એવી રીતી ધારો, તાપ નીવારો, મુખથી ઉચ્ચારો. ઓગડ.
બેઉ કર જોડી રે દાસ, પડે લાગી નાથને પાય;
અલ્પ બુદ્ધિના દાસ તારાને, સંકટે થાજે સહાયરે;
એવી વિનતી ધારો, દાસ હું તારો, કષ્ટ ઉતારો. ઓગડ.

શારદુલવિક્રીડીત છંદ.

ભોળા શંભુ સદાય સહાય કરજો જોણી તમારો મને
આપો બુદ્ધિ કૃપાળુ મુજને તો સવે સારૂં બને
આપોછો નિજ શર્ણને સુખ સદા કૈલાસવાસી તમે
માગુ પ્રેમે એટલું ચરણમાં રાખો સદાયે મને

લાવણી.

શિવતવ ચરણ કમળ પ્યારા મંગળ મય છે સુત્રિ મનોહર મંગળ કરનારા.
નિજભક્ત પ્રતિપાળ છો દેવા. (૨)

સુરવર મુનિવર શેષ સહિત સૌ સદાકરે સેવા
ગીરજેસ કરૂણાકારી (૨) અંથારંભે શ્રી શંકર બુદ્ધિ પ્રફુલીત મારી.
છે અતિ ગહન ગતી તારી (૨) તવ સદગુણનુ ધ્યાન કરવા શક્તી નથી મારી
કરો આસા મારી પુરી [૨] ધર્મ નીતીના ગ્રંથો રચવા આપો અતિ ચાતુરી.

મંદ્રક્રાંતા છંદ.

પાપો કાપો અભયપદનું દાન આપો મહેસા પુજુ તારા પદ કમળ હું
સ્નેહ સાથે હમેશાં

કાસીવાસી તવ ચરણમાં રાખજે દાસ જાણી,
છોડાવો અભવ ભય થકી અંતરે મેર આણી.

ચંદ્રક્રીડા છંદ.

અરે એ ઉમાનાથ સંસાર સીંધુ વિધેથી ઉગારો,
વિના આપ દેવાધિ દેવા દયાળુ નથી કોઈ મારો;
મહા મોહકારી નકારી અને કાષ્ટકારીજ માયા,
નડે છે બધાં પ્રાણીને તેથી માયા વિસે સૌ ફસાયા.

રૂચીરા છંદ

અઘ મોચન અઘ હરજો મારૂં અંતરે ધ્યાન ધરૂં તમારૂં
અવર સકળ જુઠું ધારૂં ભજન સદા તારૂં પ્યારૂં
દુસ્તર સાગર તરવો તેમાં સહાય સદાય તું કરજે
ઉમયાજીના સ્વામી શંકર હરકત તું હરદમ હરજે

દોધક છંદ

તારણ હાર તમે જગતાતા ભવિક સેવકને સુખદાતા
ત્રીવિધ તાપ તમે હરનારા પ્રાણીની પીડા પરી કરનારા

વૈદ્ય દેવી છંદ

દેવાધી દેવા દાસને દીન દાખીં ભક્તોનાં કષ્ટો બાળીને ખાંખ કીધાં
આધિ વ્યાધિ સૌ ઉપાધિ નીવારો કીધાં જે કુડાં કર્મ તેને નીવારો
માનુષ્ય સાચી એક સેવા તમારી હું છું તારો તે કેમ દીધો વીસારી
સેવા લેવાને સર્વ સેવા કરેછે, તાલી સેવાથી આભવબ્ધિ તરેછે

આસાગોડી

સંકટ સઘળાં સંહારો સશીધર સંકટ સઘળાં સંહારો
હું કરજોડી નમન કરૂંછું ભવસાગર ભય ટાળો શશિધર
સર્ણાશ્રયને સરણે રાખો બિરદ તમારૂં પાળો શશિધર
અવર મુજને પ્રીય નથી કાંઈ જાપ જપુંછું તમારો શશિધર
ભક્તિ કરીને મુક્તિ ચહું છું દાસ જાણીને ઉગારો શશિધર

લાવણી.

ખુશ રહો મન મગ્ન મિરાંબી દાતા બેલી

શિવ સષ્ટિ સકળ સરજનાર દયાળુ દેવા કરૂં પ્રીત સહીત હું નીત્ય
તમારી સેવા
મુજ અંતર માંહી નિરંતર નામ તમારૂં પ્રભુ પર્મ પ્રમોદજ નિત
પ્રાણથી પ્યારૂં
છો ભક્તો તણા પ્રતિપાળ જગતની સ્વામી વીભુવંદુ વારંવાર ચર-
ણ સીર નામી
તમે અકળ કળા કરનાર વીભુ વિખ્યાતા ચહુ ચરણ કમળ હું ચિત્ત
પ્રેમે સુખ સાતા

પ્રમાણીક છંદ

મહેશ્વરા મયા કરો સ્વદાસની પીડા હરો
દલીલ આ દીલે ધરો પધારતાં ત્વરા કરો

રાગ પીલુ

જય ત્રીપુરારી ભવ ભય હારી સંકટ સઘળાં નાંખો સંહારી
કામને બાળી ભસ્મ કર્યો શીવ મદનનો મદ નાંખ્યો મારી જય
સ્વર્ગ પતિ સૌ ઇંદ્રા દીક શ્રી સ્તુતિ કરેછે સદાય તમારી જય
વરદાન આપો કષ્ટ કાપો એવી છે ટેવ અનાદિ તમારી જય
હું વર માગું શિવતવ આગળ આસા પુરો ઇશ આજે હમારી જય
ગુણ તમારા લાગે પ્યારા અવર અકાશ ઉરમાં ધારી જય
નિજનો જાણી હેતુલ પ્રાણી કરૂણા કરોને કૃપા ઉરધારી જય
હીરાલાલ હું દાસ તમારો સરણે રાખોને મુજને સંભારી જય

કુસુમ વિચીત્ર છંદ

નથી નથી કોઇ તમવિણ મારૂં મુજ મન ભાવે ભજન તમારૂં
સુરપતિ મારો સુર ઉરધારો વીપત હરા હોવીપત વિદારો

રજા હોમે કામકા ઓર ઇંદર મેરા નામ

વરંવાર માગુ છું હું શિવ તમારો પાસ કૃપા કરા હરા પતિ હે પુ-
રો માંરી આસ
સંપ સુખ સાન્તી કારછો અનાથ નાથ ભવ સીંધુમાં બુડતાં ગ્રહો
સદા સીવ હાથ
ગંગ ધારી કષ્ટ કારી જય શ્રી ગૌસાંભ આપ વિણ કરે કોણ ઇશ
મારાં કામ
મહા દેવ ઇષ્ટ દેવ ભકતી આપની ગમે હીરાલાલના સ્વામી શિવ
પ્યારા લાગો છો મને

લાવણી

શશિ સેખ ધરસુખ કર સંકર દુર્ઘટ સંકટ દુર કરજો
વાસ વસો કૈલાસ વિસે શિવ સદલિલ દીલમાં ધરજો
મુગટ મણી મયા શિરપર સોભે કાને કુંડળ ઝળકે છે
રત્ન જડીત આ દેવળ દીપે ધ્વજા સુ સુંદર ફરકે છે
પંચ વદન ત્રિનેત્ર બિરાજે વા માગે ઉમયા નારી
અર્ધ સુધારક ભાવે ધરીઓ સોભા સું કહુ વીસતારી
ડાક ડમરૂ ત્રિશુળ શુણી કર કર કંઠે મુકતાની માળી
વીંજી આ વહાલી સીવજી તમને ઉપવીત છે મણી ધર કાળી
સભા ભરી શિવરાય બિરાજે સુર સકળ ત્યાં આવછે
પ્રેમે પુજન કરવા કારણ સામગ્રી સુભ લાવે છે
મેધાં ડમર છતર ચમર રત્ન જડીત આસન ધરીયું
ઇંદ્રા દીક દેવ નકી પોકારે થેઇ થેઇના ચકરે પરીયું
સુક સનકા દિક સરખાં જોગી ધ્યાન તમારૂં ધરતા
નિકટ બિરાજે નંદી ભુંગી ગણપતિ આદી ગણ ઘણા
સુદ્ધ સ્નેહે સેવક સર્વે ગુણ ગાયછે આપ તણા
અકળ ગતિ છે ઇશ આપની કોઈ કળી નહિ કરનારી
ચર્ણોદક ચાહક સેવકને અભિષ્ટ વરનાદેનારા
ઉમાસ્ત હીત મેની રખી નેત્રે મુત્તિ તમારી મનહારી
કહે હીરાલાલ નવલ છબી તે મુજ મનમાં ઉતારી

કીરીટ છંદ

દર્શનથી મુજ દુર થયું દુઃખ હર્ષ ઘણો ઉપજ્યો મમઅંતર
આપ કૃપાકર સો ઉમિઆપતિ શર્ણ તણા પતિપાળ નીરંતર

હું તવ ચર્ણ સદાય ચહું શિવ જાપ જપું મુખ સંકર સંકર
ભકિત અખંડ દીઓ મુજને હરજીવણી સદા શિવદાસ નીરંતર

દોહરો

જય જય જય ઉમિઆ પતી જય જય જગ પ્રતિપાળ
હું પ્રેમે જય જય ચહું જયકર દેવ દયાળ

લલીત

શિવ કૃપા કરા નાથ માહરા ચિત્ત વિસે ચહું ચર્ણ તાહરા
તુજ દયા વિના હું અનાથજી કર ગ્રહો તમે વિશ્વનાથજી
ચપળ ચિત આ તુજમાં ભમે અવરતો મને કાંઈ ન ગમે
નવીસરો ઘડી સુલ હાથજી કર ગ્રહો તમે વિશ્વનાજી
ભવ સમુદ્રમાં બુડતાં પ્રભો સરણુ તાહરે આવીએ વિભો
દિલ દયા ધરી શખ્સ સાથજી કર ગ્રહો તમે વિશ્વનાથજી
ભજન ભાવથી જે જનો કરે નહી નરો કદી ભુખથી મરે
શિવ દયા ધરો શિષ્યમાંયજી કર ગ્રહો તમે વિશ્વનાથજી
અરજ માહરી ઉરમાં લહો હર હરા સદા ચિત્તમાં રહો
વિનતી હું કરૂં જોડી હાથજી કર ગ્રહો તમે વિશ્વનાથજી

માલીની

ચરણ કમ પ્યારા શિવજી છે તમારાં,
અવરે સવર શાગે વૈભવો તો અકારા;
રટણુ ઉરવીસે છે એક તારૂં જ પ્યારૂં,
હીરો સમજી એ હું શિવનું નામ સારૂ.

સ્થપેંજ દુનંદન આવત હે

મુજરંક પરે કરૂણા કરજો શિવ સંકટ સર્વ તમે હરજો મુજરંક
દીનદાસ તણાં નિત્ય કામ કરો નિજ આશ્રિતને ખુબ લહેર કરો મુજ.

પાણુ પંકજ પ્રાણુ સમાન મને તમ નામ તણા ગુણ ગાન ગમે મુજ.
નિશિવા સરકું શિવ ચર્ણે ચહું શિવવીણુ બીજું મુખથી ન કહું મુજ.
દીન ભક્ત તણા પ્રતિપાળ તમે અઘ બાળી કરો શિવ મુક્ત તમે મુજ.
ગીરજા પતિ પાપ તમામ હરો મુજ દોષ નીરંતર માફ કરો મુજ.
ભવદેવ તમે ભવ ભીતી હરો નિજનો સમજી શિર હાથ ધરો મુજ.
મમ પાપ અમાપ પરાં કરજો શિવ શંભુ સમુલ સદા હણજો મુજ.
પ્રભુ દીન દયાળ કૃપાળુ અતિ નમી ચર્ણ ચહું શિવ શુભ માને મુજ.

ભુજંગી

ઉમા ઈશહું આપને પાય લાગુ કરી ભક્તી તારી સદા મુક્તિ માગુ
નહિ અન્ય કોઈ મને વસ્તુ પ્યારી દીઓ ભક્તિ સંભો સદાયે તમારી
સહુ દેવના દેવ તું દેવ મોટો કરે ભક્તિ તારી નરે કાંઇ ટોટો
ભજે ભાવથી આપને સહી સારી દીઓ ભક્તિ સંભુ સદાએ તમારી
પુરા પ્રેમથી જો કરે સીવ સેવા મળે તેહને તો સદા મીષ્ટ મેવા
વળી પાપના પુંજ નાંખો નીવારી દીઓ ભક્તિ સંભો સદાયે તમારી
દયા લાવીને દાસનું દુઃખ કાપો મને સર્ણ જાણી સદા સુખ આપો
છબી આપની છે મને પુર્ણ પ્યારી દીઓ ભક્તિ સંભૂ સદાયે તમારી

તરલન છંદ.

પરમ હરસ્ય કર અઘહર, હર હરકત ખહર સુખકર;
મુજ શિરપર શિવકર ધર, જય જય શિવ પિડપરિ કર.

ડિંડી.

ગંગાધારી તારી ભક્તિ પ્રાણ પ્યારી ભોળા નાથ આપ ખબર લેજો મારી,
કરૂં સ્તુતિ અહો નિશ દાંશ તારી. ગંગાધારી.
કામ ક્રોધને લોભાદિક મોહ મારો ઉમાનાથ આપ હાથ મહો મારો
દીન દાસ તણી અરજ આ સ્વીકારી. ગંગાધારી.

ત્રીભંગી છંદ.

જય ત્રિપુરારી બીરદ ધારી અરજ સ્વીકારી ઉરનારી
ત્રિશુળ કરધારી રક્ષ મારી સરણેધારી કરસારી
પ્રાણુ બિક પ્યારી ભકિત તમારી લાગે સારી સુખકારી
શુભમતિ મારી થાઓ સારી સંકટહારી ત્રિપુરારી

છઇઆં છઇઆં છઇઆંરે.

પ્યારા પ્યારા પ્યારારે, હર હર શીવશંકર પ્યારા;
શંકર તવ ગુણુગાન તણું હું માન ધરૂં મન મારારે. હરહર.
નિત નિરંજન અંતર બાતર ચરણુ ચહું હર તારરે. હરહર.
સષ્ટી નિયંતા પરમ પુનિતા, પ્રેમે જય કરનારારે. હરહર.

શીખરણી છંદ.

હરો પીડા પ્યારા મુજ તન તણી સંકર તમે
નડેન સ્વપનામાં દરદ કદી ભોળા શિવ મને.
મહા ઝેરી રોગો મુજ અહવિષે તે નવ રહે,
સદા શાન્તી આપો હરકત હરો હીરો કહે.

મનહર છંદ.

ચિન્તન કરે છે ચિત નિત ઉમાનાથ,
તમ શિવા શિવ શબ્દો ચારે પાવન જે થાય છે.
રતિપતિ રીપુપર -હૃદયમાં રાખે રતિ,
અનીતીની બાતી રાખી સુનીતિ ચહાય છે.
બાવે ભોળાનાથ ભજે અવર ઉધ્યાન તજે,
શુદ્ધ સ્નેહે શિવ તણા સદગુણ ગાય છે.
હીરાલાલ કહે એવા શીવના શેવક સાચા,
સ્વર્ગોબિક સુખ પામી કૈલાસે પળાય છે.

કુચ્ચીરા છંદ.

ભજ મન શંકર રટ મન શંકર જય શિવશંકર શંકરરે.
સુખકર શંકર દુઃખહર શંકર હરહર શંકર શંકરરે.
અવર તજીને એકજ અંતર રટો નીરંતર શંકરરે.
હીરાલાલ સુદ્ધ ચિત રાખીને સમરથ દેવ શિવ શંકરરે.

બનજારો.

થશે સફળ જન્મ તમારો સહુ શિવ શિવ શબ્દ ઉચ્ચારો,
ષટ્ શાસ્ત્ર જેને વખાણે કોઈ અંદેશો નવ આણે રે,
શિવ ધર્મ સદા સત ધારો સહુ શિવ શિવ શબ્દ ઉચ્ચારો.
દ્રઢ દીલથી ભજે સીવ જ્યારે થાય પ્રસન ઉમા ઈશ ત્યારે
કરે વૈભવ માંહી વધારો સહુ શિવ શિવ શબ્દ ઉચ્ચારો
શિવ સદગુણ કરે જો ભવ સાગર સેજે તરે તે
રહે પ્રસન્ન પાર્વતી પ્યારો સહુ શિવ શિવ શબ્દ ઉચ્ચારો.
શિવ સેવકનાં સંકટ સંહારે શિવ સાગર બુડતાં તારે,
એવો પ્રતાપ શિવનો સારો સહુ શિવ શિવ શબ્દ ઉચ્ચારો.
શ્રી હર હર શબ્દોચ્ચારે કોઈ ધુન મચાવો જ્યારે,
ત્યારે છુટે આનંદ ફુવારો સહુ શિવ શિવ શબ્દ ઉચ્ચારો.
જે કરે છે શિવની ભક્તિ તેને મળે છે અંતે મુક્તિરે;
જીવ શિવ સરખો રહેનારો સહુ શિવ શિવ શબ્દ ઉચ્ચારો.

[પ્રભાત.]

આજરે આરાસુર માંહે આણંદ કરીએ,
ચાચરમાં નર નારી આવી ગરબારે ગાઈરે; આજરે.
આજરે અંબા આંગણીએ આણંદની હેલી,

રૂમ રૂમ કરતાં નાચે રાચે અંબા અલબેલી આજરે
માજી પાવડીઓ પૂજીને આણુંદ થી જમતા
નાગર સાગર ચાચરમાંહે રંગે બહુ રમતા આજરે
તાલ મૃદંગ પખાજે વાગે બુંગળ બહુ વાગે
તાતા થૈથૈ રૂમ રૂમ કરતાં અંબાને આગે આજરે
શ્રાવણ માસે આસરે આવી લાવો બહુ લેતા
કુમકુમ ચોળી હીરો ગાએ બહુ મુખથી વેતા આજરે

(રાગ પ્રભાત)

ઉઠોને અલ બેલી અંબા વાણેલાં વાયાં
ચાચર ચોકે ચાલી આવો સેવક સૌ આવ્યા
ભોર ભર્યો આ અવની લાગી જાણીને જુઓ
મુખ મલપતુ રાખી માજી ઉદકથી ધુઓ
આંગણીએ આવીને ઉભા સેવક જન ઝાઝા
નર નારીને ભૂખો બાળક ગરીબને રાજા ઉઠો
કરજોડીને સેવક તમને પાવલે લાગે
આનંદી આનંદ કરાવો સુખેથી માગે ઉઠો
પ્રાતસ કાળે પ્રેમે કરીને દરસન દોમાજી
કાલા વાલા કરીએ આવી રાખોને રાજી ઉઠો
વીલંબ થાયે માજી હવા સહુએ અકળાએ,
દીન દયાળીનું મુખડું જોઈ માન સરોવર નાહે, ઉઠો.

બનજારો.

તુને સેવે જન લાખો સભાળ અમારી રાખો,
તુને સેવે સુરમુની ગ્યાની તેની વારે ચડો છો ભવાનીરે

તે તો વેદ પુરાણુ રાંખો. સંભાળ.
સતયુગ મા શ્રી તું દેવી દ્વાપરમાં દેવે સેવીરે,
ત્રેતાયુગે સર્વેને ઝાંખો. સંભાળ.
કળી કાળે કળા ન કળાઈ રાજા રંક રહ્યા સૈ થાકીરે,
તેના દુઃખ તે કાપી નાંખો. સંભાળ.
તુને સેવીને પાવલે લાગે હીરો ચરણુમાં રહેવા માગેરે,
સુખ આપવા અમી દ્રષ્ટી રાખો. સંભાળ.

કહું શું નસીબે. (પીલુ.)

હું શર્ણાગત તારો કહેવાયો ચાચર આવીને પાલવ સાહ્યો.
ચાચર ચોકે ચાલીરે આવું તમ પ્રતાપે હું આજ છપાયો. હું.
આગત સ્વાગત તારાથી થાયે સંસાર સઘળો તમથી રહેવાયો, હું.
આભવ સિંધુ બુડી રહયોછું પાર ઉતારો તો સર્વ કમાયો. હું.
ચરણે પડી હીરો રહયો છે તમારી દયાથી સહુ લોક સમાયો. હું.

ઉપર પ્રમાણે.

સરણે પડયાને શુંરે સંતાપો જનમ જનમનાં છો તમે માબાપો.
આવીને દ્વારે ઉભા તમારે કાપો કુબુદ્ધિને જસ્મનાં પાપો. સરણે.
સરણાગતને સહાય કરો મા રદય કમળ જપીએ તમ જાપો. સરણે.
હદવળી હવા આધબવાની આ દુઃખ ડુંગર દાસનાં કાપો. સરણે.
વિના તમ કષ્ટ આ કોને કહીએ આવીને સન્મુખ કરીએ અલાપો. સરણે.
પુરણ પીઠ હું આવીને પુંજુ દાસનાં દોહલાં દુઃખજ કાપો. સરણે.
અમી દ્રષ્ટી કરી અમૃત ઢાળો ટાળો માણી મુજ નેત્ર અંધાપો. સરણે.

માન માનરે માન તુ મુરખા ભવાની.

માન માન તુ મુરખા ભવાની (૧) તારી સુખી દેહ થવાનીરે. માન.

સાર સમજીને રહેને ઉપવાસી સું બટકે છે થઇને ઉદાસી.
આવા ચાહે જેને સુખ માજી ગાનીરે. માન,
આદ્યા વિષ્ણુને રૂદ્ર ગુણ ગાએ ક્રોડ તેત્રિસ માજીને ચાહે,
મુળ મંત્ર જપે છે માગ માનીરે માન.
ઉસર એકે ગમાલીસ આજે તેથી સરસે નહિં કાંઇ કાજે,
ત્રણ લોકમાં એની છે મહેરબાની. માન.

ગીરધારીરે

મંદ માયારે મુજને તેડા પાસે મા મહેર કરોતો આવાસે
મહેર દ્રષ્ટીરે કરોતો મુજન થાસે તો ગુણ તમારા ગવાસે

ઝુલ

નપે એક પારે તેડા રે મારો પાર ઉતારીયે બેડોરે
નાષ્ટ માયાનો કરી એ નીવેડોરે મુજ નેહ ડોરે રાખીએ આસો માસે
આરાસુરીરે અંબા આણંદ લાવો લાજ્એ લાભેણો લાવો મા મહેર
પુરો આસારે તમપર મારો દાવો આપોને અમૃત માવો

ઝુલ

ઝમાવો મુજને જુગમાંરે હમે આવીને કહીએ તુજને રે
પુર્ણ પીઠેશ્વરી છો મુજને રે દુર્જનથીરે દુરબળ કેમ રહેવાસે મા મહેર કરો. „

(આવીછે આનુને માંડવેરે જાદવકુરની જાન)

આવીએ અંબાને આંગણેરે આણંદ કરવા અપાર
પુરણ ગીરી પીડનેરે નમીયે વારંવાર
આણંદ ઓછવ આંગણેરે તતબર સૌ થાઓ.
ચાચર ચોકમાં હળી મળીરે માના ગુણ ગાઓ
રંગે ઉમંગથી સંગમાંરે આવીએ સહુજન

નીરખીયે અંબાને આવીનેરે રાખી એકજ મન
પ્રાત પ્રદક્ષણા કીજીએરે કરી નીરમળ કાય
આવી જુગદંબાને જાચીએરે સુખડાં બહુ થાય
કરીએ પૂજા માની પાવડીરે કુમ કુમકે સાર
અબીલ ગુલાલ અગર ધુપથીરે છે નૈવેદ અપાર
કુમકુમ ચોળી કપાળમાંરે ફરીએ ચાંચર માંહે
ગાઈએ ગુણ અંબાતણારે હળી મળીને ત્યાંહે
અષ્ટથા સીદ્ધ નવ નીધથીરે માજી ભારે ભંડાર
આપ સૌભાગ્યને બહુ પુત્રનેરે અંન ઉદર અપાર
પ્રલક્ષ પારખુ પીઠમાંરે કળી નલ્ય કળીય
સનમુખ આવી નમે નીરખીરે ભકતો મુખથી ગાય.

(મહાડ દેસી.)

જોઈ અંબા માજી, રાખે છે રાજી કરે ના રાજી, રહું તેથી રાજી,
સહાય સહાય કરો.
આરાસુરમાં અંબા બિરાજે ભકતોની કરતાં સહાય
માન સરોવર નહાય તેના પ્રાશ્ચીત સઘળાં જાયરે   જોઈ અંબા.
માટે સમરો અંબા માને કાઢે છે સર્વ દુઃખ
ભકતોની અંબા માવડી છે સદાય માજીથી સુખરે   જોઈ અંબા.
નજરે મેંતો પારખું દીઠું અંબે માનું આજ
દીવસમાં ત્રણ રૂપ ધારેછે દેવ્યની ઉપર દાઝ.   જોઈ અંબા.

(બંસલી બજાઇ આજ રંગસે મોરારી]

ભગવતી ભીડ ભાગો ભવ સરણુ હુ તમારી
ભાગો ભીડ ભવની મારી સરણુ રહુ ભવાની

દીનદયાળી દેવી તમે લીધા દેવ ઉગારી ભગવતી
માર કુંડ અમર કીધો ઉરભાવ આણી
માહ મુની ઓને મહેર કરી દેહ દેહ ટાળી ભગવતી
નીપ જાવી સૃષ્ટી માજી સુર મુની નર નારી
કલ્પ વૃક્ષ આપ થયાં લીધાંસે ઓધારી ભગવતી
આદ્ય- અંત્ય મધ્ય સદા તુજમા ગણાણી
સકળ ધારણ ઓધારણ તું ત્રીપુરા જણાણી ભગવતી
અલ્પ બુધિ શુધકરી રૂદયે રાખી ધારી
તમ ભક્તોપર કરૂણા કરો મહેર દ્રષ્ટિ હારી ભગવતી

[રાગ ઉપર પ્રરમાણે]

ઉદય ઉદય ઉદય ઉદય થાજો કડી શહેર નો
સુર વીર આર્ય બંધુઓનો તોં થજો ઉદય ઉદય
સંભુ ભોળા નાથ ભજો હેત કરી ભાવથી
સુખ થાય દુઃખજાય કરેથી વિનતી ઉદય
દેશનુ કલ્યાણ વધારે નીતી સાસ્ત્ર જ્ઞાન
ધ્રુજાવે બ્રહ્માંડ તેવા થાઓ પુત્ર ખાણ ઉદય
શ્રીશયાજી રાય નૃપત નર તેજસ્વી હજો
સ્વતંત્રતા ઉધોગ કડી શહેર માં થજો ઉદય
પાંડવો જેવા પ્રગટ થાજો વીર ભ્રાત
દેશો દેશ કીર્ત્તિ વાધી થજો જગમાં વિખ્યાત ઉદય
ભુલ ચુક માફ જો સો દોષ નહિ કસો
કરી સ્તુતિઓ જુગ દીસ તણી ઉર વીસે સ્વીકારસો ઉદય

સમાપ્ત

અગાઉથી ગ્રાહક થનારનાં નામ નીચે પ્રમાણે.

૨૫ રા.રા. કેશવલાલ ગોકળભાઇ
૧૦ રા.રા. ચુનીલાલ આસારામ
૨૫ રા.રા. મલજી મોહનલાલ
૨ રા.રા. ગીરધરલાલ ગણપતરામ
૪ રા.રા. કાશીરામ પ્રેમછારામ
૧૦ રા.રા. હરીલાલ જેઠારામ
૫ રા.રા. અંબાલાલ રુધિર
૨ રા.રા. અંબાલાલ જમનાજી
૫ રા.રા. મગનલાલ પીતાંબર
૪ રા.રા. નથુરામ ગણપતરામ
૨ રા.રા. મણીલાલ મુળચંદ
૧૦ રા.રા. મુળજી પુંજાભાઇ
૧૦ રા.રા. ગણપતરામ જેઠારામ
૨ રા.રા. મુળજી મોહનલાલ વ-વાડી
૨ રા.રા. મુળસંકર વિશ્વનાથ
૫ રા.રા. બાપુભાઇ રાજી
૪ રા.રા. માણેકલાલ મુળજી
૨ રા.રા. મોહનસંકર કેસવલાલ
૨ રા.રા. ચુનીલાલ સાકરચંદ
૪ રા.રા. કેસવલાલ મોતીરામ
૨ રા.રા. મણીલાલ ભોગીલાલ

૫ રા. ભોગીલાલ રતનચંદ
૪ રા. હરગોવિંદ જેઠારામ
૨ રા. ભોળાનાથ છગનલાલ
૨ રા. ચુનીલાલ સેવકરામ
૨ રા. દયાલભાઈ જીજીભાઇ
૫ રા. મગનલાલ મોતીરામ
૧૦ રા. રણછોડલાલ મોતીલાલ
૫ રા. અંબાલાલ મગનલાલ
૧૦ રા. પ્રેમેરલાલ લાલજીભાઈ
૧ રા. સીતરાંકર વૈજનાથ
૨૫ શા. નરોતમદાસ વ્રજલાલ
૨૫ પ્રેમેરલાલ દયાશંકર | નીરનગામ
૨૫ મણીલાલ ગણપત | મુનારકુળ
૧ રા. આતરામ મુળજી
૨૫ રા. સા. મણીભાઈ પ્રેમચંદ
૨૫ રા. શેઠ જગાભાઇ ગોકળદાસ
૨૫ રા. ભોગીલાલ છગનલાલ

જાહેર ખબર.

[illegible]

ઠેકાણું

રાવલ. હીરાલાલ [illegible].

[illegible] અમદાવાદ.

પુરૂષોતમ મોહનલાલ. ઠક્કર.

અમદાવાદ તાજપુર કંપનીએ